ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# વિકાસલક્ષી આલેખનની સાંપ્રત સમયમાં વધુ જરુરીયાત

**ડૉ. ઉર્વિ સી. રાવલ**

ઇન્ફોમેશન આસિસ્ટન્ટ

ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ફોમેશન

ગવર્નમેન્ટ ઓફ ગુજરાત.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

# વિકાસલક્ષી આલેખનની સાંપ્રત સમયમાં વધુ જરુરીયાત

વિકાસલક્ષી આલેખન એ કવિતા લેખન નથી. કવિતા લેખન વ્યક્તિકેન્દ્રી પ્રવૃત્તિ છે જ્યારે વિકાસલક્ષી આલેખન અનિવાર્યપણે સમષ્ટી કેન્દ્રી પ્રવૃત્તિ છે. જે ગામ કે પ્રદેશ અથવા ક્ષેત્ર વિશેષના વિકાસની વાતનું આલેખન હોય અને માનવ વસ્તી સાથે મળીને આ આલેખન કરવાનું હોય છે આથી આ પ્રકારનાં આલેખન માટે દરેક પ્રકારના લોકો સાથે સંવાદ સાધવાની ક્ષમતા જરૂરી છે

વિકાસલક્ષી આલેખન પ્રત્યક્ષ પૂછપરછ તપાસ અને અનુભવ કે નિરીક્ષણ પર આધારિત હોવું જોઈએ. જે કોઈપણ વિકાસલક્ષી મુદ્દો હોય તેનો અભ્યાસ કરવાનું પણ જરૂરી છે. વિકાસલક્ષી આલેખન કરતી વખતે વાસ્તવિકતાને નજર અંદાજ કરી ન શકાય. વિકાસલક્ષી આલેખનની પ્રવૃત્તિ દરમિયાન લોકલક્ષી, લોકહિતકારી નિશાન ચૂકવું જોઇએ નહીં.

કોઈપણ વિકાસકાર્ય પ્રત્યાયન વગર શક્ય નથી. સમૂહપ્રત્યાનના માધ્યમ દ્વારા વિકાસ સંબંધી સમસ્યાઓ વિશે જનજાગૃતિ વધારી શકાય છે. વિકાસના મુદ્દા અંગે જાણકારી મેળવવા માટે સંબંધિત વિષયોના નિષ્ણાંત સાથે વાત કરવી જોઈએ. આ લખાણ વ્યાપક જનસમુદાય સુધી પહોંચે તે માટે તે સરળ ભાષામાં લખેલું હોવું જોઈએ.

- વિકાસલક્ષી આલેખનમાં ધ્યાનમાં રાખવાના મુદ્દા
- પ્રથમ ફકરામાં મહત્વપૂર્ણ વાતોને આવરી લેવી જોઈએ.
- જે-તે વ્યક્તિના પ્રતિભાવો તેમના શબ્દોમાં જ મૂકવા જોઈએ પરિણામે લેખની વિશ્વસનીયતા વધે.
- આલેખન સાથે તેને લગતી તસ્વીરો આપવાથી વધારે રસ ઊભો કરી શકાય છે.
- લેખનમાં કહેવતો અને રૂઢિપ્રયોગોનો પણ ઉપયોગ કરવો જોઈએ.
- વિકાસલક્ષી લેખ રસાળ શૈલીમાં લખીને આપણી વાત વ્યાપક સમુહ સુધી સારી રીતે પહોંચાડી શકાય.

વિકાસ લક્ષી પત્રકારત્વ એને કહેવાય જે અંતરિયાળ ગામોમાં પણ વિકાસના જે વિવિધ કાર્યો પ્રવૃત્તિઓ ચાલી રહી હોય તેના પર ધ્યાન આપે. છેવાડાના ગામોમાંથી વિકાસલક્ષી વાતો શોધી લાવી તેને રજૂ કરવી એ એક પડકારજનક કામ છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

ગામની બધી બહેનોએ ભેગા મળી ગામના દારૂ જુગારના અડ્ડા બંધ કરાવ્યા હોય, બહેનો પોતાના ગામના બચત મંડળ ચલાવીને સ્વનિર્ભર થઇ હોય, ગામના લોકોએ જાતે જ કામ કરીને રસ્તો બનાવ્યો હોય તો આ બધા સમાચાર વિકાસલક્ષી જ કહેવાય.અહીં ટાર્ગેટ ઓડિયન્સ પણ મહત્વનો ભાગ છે. ૨૪ કલાક ચાલતી ચેનલોએ પ્રત્યેક પળે ઝડપથી અવનવું આપવું પડે છે. આવા સમયે વિકાસલક્ષી છતાં માનવરસની વસ્તુ - વાર્તા હોય તો તેને પ્રાધાન્ય મળે જ છે. સવાલ વિકાસલક્ષી કાર્યો કરવાની દ્રષ્ટિ સમજ અને મીડિયા આયોજનનો છે. વિકાસને વરેલી સંસ્થાના વ્યકિતઓને મીડિયા તરફ નજર રાખવી જ પડે તે સ્વાભાવિક છે.

દરેક વખતે કંઈક નવું આપવું. જે મુદ્દાને તમે વધુ મહત્વ આપવા માંગતા હોવ તેને વધુ યોગ્ય રીતે મૂકવો જોઈએ. મીડિયાને ખાસ કરીને હ્યુમન ઇન્ટરેસ્ટ અને નવી વિશે સ્ટોરીમાં વધુ રસ હોય છે. ગ્રામીણ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ માટે કૃષિ, પશુપાલન, પંચાયતી રાજ અને સહકાર એ ચાર એવડા મોટા ક્ષેત્રો છે કે રોજ તમે મીડિયા ને લગતુ કંઈકને કંઈક આપી શકો.

અર્થશાસ્ત્રમાં વિકાસ અને વૃદ્ધિ એ બે શબ્દો લગભગ સાવ જ નચિંતપણે વપરાય છે એક અર્થમાં વૃદ્ધિ બાયોલોજિકલ શબ્દ છે ઝાડ-પાનની વૃદ્ધિ થતી હોય છે બાળક પણ પહેલા વધે ચડે છે પણ પછી તેનો યુવકે યુવતી તરીકે વિકાસ થાય છે. જગતના અર્થતંત્રમાં વૃદ્ધિ અને વિકાસ એ બે શબ્દો ભેળસેળ થઇ ગયા છે પરિણામે વૃદ્ધિને જ વિકાસ માની લેવામાં આવ્યો છે વિકાસમાં માણસ કેન્દ્રમાં હોવો જ જોઈએ. વિકાસલક્ષી મુદ્દાઓ માટે લેખન થકી પ્રત્યાયન એટલે કે કોમ્યુનિકેશન કરવાનું હોય ત્યારે કેટલાક મુદ્દા ખાસ ધ્યાનમાં રાખવાના હોય છે

1. આવું આલેખન કેવળ આંકડાકીય માહિતી આપતો શુષ્ક દસ્તાવેજ ન બની રહે. કેવળ આંકડાઓ માહિતી પૂરી પાડી શકે, પણ તે અંતે નીરસ અને શુષ્ક આલેખન બની જાય. આંકડા આપતા પહેલા જો કોઈ સાચા જીવંત અને રસપ્રદ ઉદાહરણથી વાતની માંડણી કરવામાં આવે અને પછી આંકડા/ચાર્ટ વગેરે આપવામાં આવે તો વાચકનો રસ જાગૃત થાય છે જે આખા લેખ દરમિયાન જળવાઈ રહે છે.

2. લેખની માંડણી કર્યા બાદ જુદા-જુદા મુદ્દાઓ જેમકે સાફલ્ય ગાથાઓ, વિકાસના આંકડા, તેમાં આવી રહેલા અવરોધો અને અડચણો, ભવિષ્યની યોજનાઓ વગેરેનું સુચારુ રીતે આયોજન કરવું.

3. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોવું જોઈએ, રિપીટેશન ન થવું જોઈએ.

4. અતિશયોક્તિ ટાળવી. હકીકતનું વર્ણન સાદી, પ્રવાહી શૈલીમાં કરવું વધુ પડતી અલંકૃત ભાષા, વિકાસલક્ષી કોમ્યુનિકેશનના હાર્દને મારી નાખે છે. વર્ણન જરૂર કરવું પણ ટૂંકા સ્પષ્ટ અને સરળ વાક્યોમાં.

5. વિકાસલક્ષી આલેખન લાગણીપ્રધાન થઈને લખવાનું ટાળવું. આલેખનના અંતે સમગ્ર લેખનું હાર્દ આવી જાય તે રીતે ભવિષ્યની દિશા અને લક્ષ્યાંકોનો ઉલ્લેખ કરી લેખની સમાપ્તિ કરવી.

વિકાસલક્ષી આલેખન એટલે અન્વેષણાત્મક અથવા ખોજી પત્રકારત્વ. પત્રકારત્વ પોતે એક ગંભીર અને જવાબદારીપૂર્ણ સામાજિક રચના કર્મ છે. આસપાસ જીવાતા જીવનની ઘટનાઓ અને તેની વિસંગતતાઓ, આવશ્યકતાઓ, ઉપલબ્ધિઓ તથા અનિવાર્યતાઓ એના સાચુકલા સ્વરૂપમાં પ્રગટ કરવાનું કાર્ય જે માધ્યમ દ્વારા અધિકારપૂર્વક સંપન્ન થઇ રહ્યું છે તે છે અખબારનવેશી અથવા પત્રકારત્વ.

દુર્ભાગ્ય એ છે કે સમકાલીન અખબારનવેસી સનસનાટી પ્રેમી બની ગઈ છે કોઈપણ જાતની સામાજિક જવાબદારીને લક્ષમાં લીધા વિના તહેલકા સર્જવા થતાં સ્ટિંગ ઓપરેશનનુંએ અન્વેષણાત્મક અખબારનવેસી કે વિકાસલક્ષી આલેખન નથી

## વિકાસલક્ષી આલેખન માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા

સમાચાર બોધ, સતર્કતા અથવા સ્ફૂર્તિ, શીઘ્રતા, જિજ્ઞાસા, સંશય અથવા અવિશ્વાસ, દૂરદ્રષ્ટિ, આત્માનુશાસન અથવા સત્યનિષ્ઠા અને સ્પષ્ટવાદીતા અને ગતિશીલતા અને સ્પષ્ટતા તેમજ વસ્તુનિષ્ઠતા સાથેનું સર્જનાત્મક લેખન.

અન્વેષણાત્મક આલેખન કરનાર પત્રકારે વિકાસલક્ષી દ્રષ્ટિ કેળવવી અનિવાર્ય છે. લોકશાહીના ચોથા સ્તંભ તરીકે અથવા સમાજની ચોથી જાગીર તરીકે ઓળખાતી અખબારનવેસીને જવાબદારી અગાઉ ક્યારેય હતી તેના કરતાં ૨૧મી સદીમાં અનેક ગણી વધારે છે. પત્રકારત્વની પહેલી પ્રતિબધ્ધતા મનુષ્ય અને સમાજ પ્રત્યે હોવી જોઈએ.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉક્ટર શંકર દયાળ શર્માએ પત્રકારત્વને ધંધો કહેવાને બદલે જનસેવાનું માધ્યમ કહ્યું તે સર્વથા સાચું છે પરંતુ એક રચનાત્મક સામાજિક-સાંસ્કૃતિક આંદોલન સમા પત્રકારત્વ કરતા મળતી માહિતી અથવા હાથ આવતા સત્યને વારંવાર તપાસતા જવાની અને ક્રોસ ચેકિંગ વગર કોઈપણ સત્યને નહીં સ્વીકારવાની પત્રકાર માટે અને વિકાસલક્ષી આલેખન કરનાર માટે અનિવાર્ય છે

મુખ્ય ત્રણ મુદ્દે વિકાસલક્ષી પત્રકારત્વનો અવકાશ હોય છે. (૧) સમસ્યા (૨) સંઘર્ષ (૩) સિધ્ધિ.

જ્ઞાતિવાદ કોમવાદ આ વર્ષે અંધશ્રધ્ધા સામાજિક , વૈશ્વિકરણની સારી માઠી અસરો, મોલસંસ્કૃતિ, મોટી વ્યાપારી કંપનીઓના એક હથ્થું શાસનનો પંજો, પાણીની અછત વીજળી - સડક જેવી સુવિધાઓથી વંચિત... આવી અનેક સમસ્યાઓ એક સાથે અનેક જગ્યાએ જોવા મળે છે. પત્રકારનું સૌથી પહેલું કામ આવી સમસ્યાઓની ઓળખ કરવાનું છે.

સમસ્યાનો દારૂગોળો મોટાભાગે કોઈપણ નજીવા તણખાને કારણે ફાટે છે. સંઘર્ષ વખતે સરહદો અંકાયેલી અને વાતાવરણ ગરમ હોય છે. એક ઘટનાના પ્રત્યાઘાતો ચાલુ હોય ત્યારે તાજા બનાવોની નોંધની સાથો-સાથ મૂળ બનાવ ભૂલાઇ ન જાય તેનો ખ્યાલ રહે. અહેવાલની સાથે તસવીરો છપાશે કે નહીં તેની ચિંતા કર્યા વિના આપણા સંદર્ભ માટે તસવીરો લેવી.

ભેદભાવ કે અંધશ્રદ્ધા જેવી કોઈ સમસ્યા સામેની અંગત લડાઈમાં મળતો નાનામાં નાનો વિજય અગત્યનો હોય છે. સામૂહિક નિષ્ફળતાઓની જેમ સફળતામાં પણ સામૂહિક હિસ્સો હોય છે. સંઘર્ષ કે સુવિધાને લીધે સફળતાની વાત કરવાની હોય ત્યારે તેની મર્યાદા વિષે ટીકાકારની દ્રષ્ટિથી વિચારીને કટુ થયા વિના મર્યાદા ભણી આંગળી ચીંધી શકાય.